# લોક આંદોલનના ભણકારા : વાત્રક ટોલ નાકાથી બાયડ ડીપ સુધી ઊંટની પીઠ જેવો સ્ટેટ હાઈવે

## વર્ષે કરોડોનો ટેક્ષ ઉસેડતી કંપનીને રસ્તાના સમારકામમાં રસ નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ હાઈવેનું નવીનીકરણ થયું પરંતુ ત્યાર પછી નિયમિત સમારકામ ભૂલાયું છે. જેના કારણે વાત્રક ટોલ નાકા થી બાયડ ડીપ સુધીનો સ્ટેટ હાઈવે ડામર રોડ ઊંટની પીઠ જેવો થઈ જતાં અનેક નાના-મોટા વાહન ચાલકો વાહન ઉપરનો કાબુ ગુમાવી રહ્યા છે. વર્ષે વાહન ચાલકો પાસેથી કરોડોનો ટેક્ષ ઉસેડતી કંપનીને રસ્તાના સમારકામમાં રસ નથી માત્ર ખિસ્સાં ભરવામાં રસ હોવાની છબી ઉભી થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર દ્વારા અનેક માર્ગોનું નવીનીકરણ પી.પી.પી.ના ધોરણે આપવામાં આવ્યું અને નવા ડામર રોડ બનાવ્યા પછી ૧૨ વર્ષ સુધી રોડ ઉપર દોડતા વાહનો પાસેથી ટેક્ષ વસુલવાની કંપનીઓને છૂટ આપવામાં આવી. મોડાસા, ધનસુરા, બાયડ, કપડવંજ, નડીયાદના સ્ટેટ હાઈવેના નિર્માણ પાછળ દિલીપ બિલ્કોન કંપનીએ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો અને ત્યારબાદ વાત્રક નજીક ટોલ નાકું ઉભું કરવામાં આવ્યું. જ્યાં મોટા વાહન ચાલકો પાસેથી ટેક્ષ વસુલવામાં આવે છે. નાના વાહન ચાલકોનો ટેક્ષ રાજ્ય સરકારે માફ કરેલો છે. પરંતુ જાણવા મળ્યા મુજબ દર વર્ષે કરોડો રૂપિયાની ટેક્ષની આવક ઉસેડતી રોડ નિર્માણ કરનારી કંપનીએ ખાસ કરીને ટોલનાકા થી બાયડ ડીપ સુધીના રોડ ઉપર યોગ્ય સમારકામ કર્યું નથી જેથી રોડ ઊંટની પીઠ જેવો બની ગયો છે તેમાંય બાયડના પોલીસ સ્ટેશન થી જી.ઈ.બી. સુધીનો રોડ એટલી હદે અસમતલ બની ગયો છે કે નાના વાહન ચાલકોના વાહનો ખેંચાય છે અને ટાયરમાં પંક્ચર પડ્યુંહોય તેવી બીક લાગતી હોય છે. જેના કારણે અનેક નાના વાહન ચાલકો પટકાઈ પડે છે. મોટા વાહન ચાલકો અસમતલ રોડના કારણે કાબુ ગુમાવી ડીવાઈડર ઉપર ચઢી જાય છે. દર વર્ષે રોડનું નિયમિત મેન્ટેનન્સ કરવાની જવાબદારી ખાનગી કંપનીની છે પરંતુ જાણે કંપનીએ અરવલ્લી જિલ્લાની પ્રજા ઉપર ઉપકાર કર્યો હોય તેમ ઉચ્ચ અધિકારીને ફરિયાદ થાય એટલે ૨-૩ થીગડાં મારી રવાના થઈ જાય છે. અત્યારે સ્થિતિ એવી છે કે રોડ મોટાપાયે ખરબચડો બની ગયો છે. યોગ્ય રીતે નવીનીકરણ નહીં થાય તો લોક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે.



# મેઘરજના ગ્રામ્ય વિસ્તારની મહિલાનો પોલીસ ઉપર હપ્તાખોરીનો ગંભીર આક્ષેપ, વિડીયો વાયરલ

## સંદિગ્ધ હાલતમાં બાઈક ચાલકનો પોલીસે પીછો કર્યો અને પટકાયો : મહિલા ખુલ્લેઆમ આક્ષેપ કરતી રહી, ખાખી વર્દી માથું ખંજવાળતી ઉભી રહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

અરવલ્લી જિલ્લામાં નાના-મોટા વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરી વધી છે. એક રીતે છૂટ આપ્યા જેવા દ્રશ્યો જોવા મળ્યા. ત્યારે મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સંદિગ્ધ હાલતમાં જતા બાઈક ચાલકનો મેઘરજ પોલીસે પીછો કર્યો પરંતુ બાઈક ચાલક પટકાયો અને દોડી આવેલા તેના સગાઓએ પોલીસ સામે રોષ ઠાલવ્યો જેમાં મહિલાએ પોલીસ ઉપર હપ્તાખોરીનો ગંભીર આક્ષેપ લગાવી મોરચો માંડ્યાનો વિડીયો કોઈએ સોશ્યલ મીડીયામાં વાયરલ કરતાં જિલ્લા પોલીસની આબરૂનું ધોવાણ થયું છે. મહિલાના સનસની ખેજ આક્ષેપ સામે ખાખી વર્દી માથું ખંજવાળતી ઉભી રહેલી જોવા મળી. બીજી તરફ બુટલેગરોને છાવરતી પોલીસ માટે હવે ગળામાં હાડકું ફસાયા જેવો ઘાટ ઘડાયો છે.

ખુદ રક્ષક જ ભક્ષક બની જાય તો આવું કદાચ ગુજરાતી અને હિન્દી ફિલ્મી ચિત્રોમાં જોવા મળે પરંતુ અહીંયાં અરવલ્લી જિલ્લામાં તો સાચુકલું જોવા મળે છે. અગાઉ શામળાજી પોલીસે પકડેલા વિદેશી દારૂ ચોરી જવાના પ્રકરણમાં કેટલાક પોલીસ અધિકારી અને સ્ટાફની સંડોવણી સામે આવી. ત્યારબાદ જિલ્લામાંથી દારૂ ભરેલાં વાહનો પસાર કરવામાં ગઢવી નામના કોન્સ્ટેબલનું નામ ઉછળ્યા પછી ખુદ પોલીસ બુટલેગરો સાથે સામેલ હોવાનું પોત પ્રકાશ્યું અને ત્યારબાદ વિદેશી અને દેશી દારૂ પકડવાની જેની એકમાત્ર જવાબદારી છે તેવી એલ.સી.બી.ના અધિકારી અને સ્ટાફ જ દારૂનો વેપલો અને દારૂ સંતાડી રાખવાના કેસમાં ઝડપાયા પછી અરવલ્લી જિલ્લાની ન્યાય ઝંખતી પ્રજા કોની પાસે મદદ માગે. મેઘરજના ઉન્ડવા માર્ગ ઉપર લાખાપુર ગામ નજીક બાઈક ઉપર જતા શંકાસ્પદ ચાલકને પોલીસે પડકાર્યો અને પછી ફિલ્મી ઢબે પીછો કર્યો. પોલીસને જોઈને ગભરાયેલો બાઈક ચાલક ટકરાઈ પડતાં ઈજાગ્રસ્ત થયો. ઈજાગ્રસ્ત ચાલકના કેટલાક સબંધીઓ દોડી આવ્યા અને તે સમયે એક મહિલાએ રણચંડીનું સ્વરૂપ ધારણ કરી હપ્તા ઉઘરાવવાનો ગંભીર આક્ષેપ કરતાં પોલીસ બચાવ મુદ્રામાં આવી ગઈ. સોશ્યલ મીડીયામાં ૩ મીનીટ ૨૯ સેકન્ડના વિડીયોએ ધમાચકડી મચાવી દીધી છે. જિલ્લા પોલીસ વડાએ એક પછી એક પોલીસ ઉપર લાગેલા આરોપને ગંભીરતાપૂર્વક લઈ હવે તમામ પોલીસ સ્ટેશનોમાં સંપૂર્ણ સાફસફાઈનો સમય પાકી ગયો છે.

### ટકરાઈ પડનાર બુટલેગર હતો : મેઘરજ પી.આઈ.

મેઘરજ પી.આઈ., એમ.ડી.પંચાલે જણાવ્યું કે પોલીસે જે બાઈક ચાલક યુવાનનો પીછો કર્યો અને જીપ સાથે ટકરાઈ પડ્યો તે બુટલેગર હતો અને તેની સામે પોલીસે પ્રોહીબીશનનો કેસ નોંધ્યો છે. મહિલાના આરોપ બેબુનિયાદ હોવાનું જણાવ્યું છે.



# વરસાદની ઈફેક્ટ : જિલ્લામાં વરસાદ બાદ કેરીના ભાવ ગગડ્યા

## બદામ, કેસર સહિતની કેરી સસ્તી પણ વેચાણ ઘટ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ ણસાલ તાઉતે વાવાઝોડા પછી કમોસમી વરસાદે કેરીની મજા બગાડી છે. ઉનાળુ ફળ ગણાતી કેરીનું આગમન થયું ખરૂ પરંતુ વિષમ હવામાનના કારણે ઉત્પાદન ઓછું રહેતાં ભાવ શરૂઆતમાં ઉંચા રહ્યા હતા પરંતુ હવે વહેલો વરસાદ વરસતાં કેરીના ભાવ ગગડ્યા છે. બદામ તેમજ કેસર સહિતની કેરી રૂા.૧૦૦ના ભાવે ૨ થી ૩ કીલો વેચાતી હોવા છતાં વેચાણ ઘટ્યું છે. કાળઝાળ ગરમીમાં સ્વાદ શોખીનો મન મૂકીને કેરીનો રસ આરોગતા હોય છે પરંતુ વરસાદ પછી કેરીમાં જીવાત દેખાતાં વેચાણમાં ધરખમ ઘટાડો થયો છે.



જિલ્લામાં ઉનાળુ ફળની સીઝન જામી હતી સીઝનેબલ તમામ ફળો ફળ બજારમાં ઉપલબ્ધ રહેતાં કોરોના કાળમાં આ વખતે ખાસ કરીને મોસંબી, પાઈનેપલ, સફરજન, દ્રાક્ષ સહિતના ફળોની મોટી માંગ શરૂઆતમાં રહી પરંતુ બજારમાં કેરીનું આગમન થતાંની સાથે અન્ય ફળો જાણે કે આઉટ થઈ ગયા હોય તે રીતે કેરીના વેચાણમાં જબ્બર ઉછાળો આવ્યો. માંડ સીઝન જામી હતી ત્યાં તાઉતે વાવાઝોડાની અસરના કારણે સૌરાષ્ટ્રમાંથી આવતી કેસર કેરીનું ઉત્પાદન ઓછું થયું હોવાના કારણે ભાવ ઉંચા રહ્યા હતા છતાં કેસર કેરીના શોખીનોએ ભાવની પરવા કર્યા વિના કેસર કેરીની પેટીઓ ખરીદતા જોવા મળ્યા. કેસર સાથે બજારમાં હાફૂસ, લંગડા અને બદામ કેરીનું આગમન થતાં મધ્યમ વર્ગ પણ કેરી ખરીદી રસનો સ્વાદ લેતા થયા હતા પરંતુ હવે વરસાદનું આગમન થતાં કેરીના વળતા દિવસો શરૂ થઈ ગયા છે. કેરીમાં વરસાદ પછી જીવાત પડી જતી હોવાના કારણે મોટાભાગના પરિવારોએ હવે કેરી આરોગવાનું બંધ કર્યું છે. જ્યારે વરસાદ થતાં સ્વાભાવિક રીતે જ બજારમાં કેરીના ભાવ એકદમ ઓછા થઈ ગયા હોવા છતાં વેચાણ તળીયે પહોંચ્યું છે.

## વેચાણ આપેલ વાહનના પૈસા લેવા જતાં બબાલ

# ખેડબ્રહ્માના દાંતીયા નજીક નોનવેજ કાપવાના છરા વડે હુમલો

## ૪ જણ સામે હત્યાના પ્રયાસનો ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા પાસેના દાંતીયા નજીક વેચાણ આપેલ વાહનના પૈસા લેવા જતાં થયેલી બબાલમાં આરોપીઓએ નોનવેજ કાપવાના છરા વડે જીવલેણ હુમલો કરતાં વાતાવરણ તંગ થયું છે. ખેડબ્રહ્મા પોલીસે ૪ જણ સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા હોય કે અરવલ્લી જિલ્લો પરંતુ ગુનાખોરીએ માજા મૂકી દીધી છે. ખેડબ્રહ્માની આરાધના સોસાયટીમાં રહેતા કુલદિપસિંહ ચૌહાણના મિત્રના પિતા મનિષકુમાર ગુણવંતલાલ રામી ગાડીઓના લે-વેચનો ધંધો કરતા હતા જેના પૈસા લેવા તેઓ મટોડા નજીક આવેલ દાંતીયા ગામના સીમાડામાં સાહીલખાન પઠાણ(સિપાહી)અને તેના સાગરીતોએ બબાલ કરતાં થયેલા જીવલેણ હુમલામાં ફરિયાદીના પિતા રાજેન્દ્રસિંહના માથાના પાછળના ભાગે છરો મારી જીવલેણ ઈજા પહોંચાડી હતી તેમજ ભાવેન્દ્રસિંહને નાકના ભાગે ફેક્ચર કર્યું હતું. વાહનના પૈસા લેવા જતાં થયેલા દંગલમાં ખૂની હુમલાની વિગતો બહાર આવતાં સનસનાટી મચી ગઈ હતી. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ૪ આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વરસાદના આરંભ સાથે આફત : મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચૂડવેલના ઉપદ્રવથી પ્રજા ત્રાહીમામ

## દિવાલો, માર્ગો ઉપર ચૂડવેલના ઢગલે ઢગલાથી કમકમાટી



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

મોડાસા તાલુકાના ડુંગરાળ વિસ્તારોના ગામડાઓમાં વરસાદના આરંભ સાથે ચૂડવેલનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. ચૂડવેલના દિવાલો તેમજ માર્ગો ઉપર ઢગલા થતાં પ્રજા અને નાના બાળકો કમકમાટી અનુભવી રહ્યા છે. ઘરમાં બે ટંક ભોજન કરવું પણ મુશ્કેલ બની જતાં સરડોઈ પંથકના લોકો હવે ખેતરમાં રહેવા માટે મજબૂર બન્યા છે. દવા છંટકાવ કરવા છતાં ચૂડવેલનો ઉપદ્રવ ઓછો થવાનું નામ લેતો ન હોવાથી ઠેર ઠેર જીવાતના રાફડા ફાટ્યા છે.

દર વર્ષે ચોમાસાના આરંભ સાથે ગામડાઓમાં અનેકવિધ સમસ્યાઓ શરૂ થતી હોય છે તેમાંય મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ વરસ્યા પછી ચૂડવેલનો રાફડો ફાટતો હોય છે. આ વખતે છેલ્લા એક સપ્તાહથી ચૂડવેલ જીવાતે ઉપદ્રવ મચાવ્યો છે. જીવાતથી લોકો હેરાન-પરેશાન બની ગયા છે. ખાસ કરીને ડુંગર વિસ્તાર નજીકના સ્થળોએ ચૂડવેલનો ઉપદ્રવ વધુ દેખાઈ રહ્યો છે. જ્યારે જાહેર માર્ગો તેમજ દિવાલો ઉપર ચૂડવેલના ઢગલે ઢગલા ફરતા થતાં પ્રજા ત્રાહી.. ત્રાહી પોકારી ગઈ છે. ખાટલામાં, રસોડામાં, પાણીયારે, છત તેમજ દિવાલો ઉપર ચૂડવેલના જાણે કે રાફડા ફાટ્યા હોય તેવી સ્થિતિના કારણે રહીશો પોતાના ઘરમાં સુખ-ચેનથી જમી કે બેસી પણ શકતા નથી. ચૂડવેલના ઉપદ્રવના કારણે ત્રાસેલા અનેક પરિવારો હવે ઘર છોડીને ખેતરમાં રહેવા જવા માટે મજબૂર બની ગયા છે.

# સરડોઈને જોડતા માર્ગો વિદેશી દારૂના સપ્લાયરો માટે સલામત

## દારૂ ભરીને દોડતા વાહનોની સંખ્યામાં વધારો, એક જ દિવસમાં પોલીસે રૂા.૧ લાખથી વધુની કિંમતનો દારૂ ઝડપ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

મોડાસા તાલુકાના સરડોઈને જોડતા અંતરીયાળ માર્ગો છેલ્લા ઘણા સમયથી વિદેશી દારૂના સપ્લાયરો માટે સલામત બન્યા છે. દિવસ કરતાં રાત્રે દારૂ ભરીને દોડતાં વાહનોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. અન્ય જિલ્લાના પાર્સિંગવાળા વાહનોની રાત્રે શંકાસ્પદ હરકત છતાં સ્થાનિક પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહી છે. જયારે ગત રોજ એલ.સી.બી. તેમજ મોડાસા ગ્રામ્ય પોલીસે એક જ દિવસમાં સરડોઈને જોડતા મેઢાસણ માર્ગ ઉપરથી રૂા.૧ લાખથી વધુની કિંમતનો દારૂ જપ્ત કરતાં દારૂની હેરાફેરીને સમર્થન મળ્યું છે.

જિલ્લામાં પોલીસના હપ્તારાજથી દેશી-વિદેશી દારૂના અડ્ડા રાત-દિવસ ધમધમી રહ્યા છે. આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનના ગ્રામ્ય વિસ્તારોમાં તો દારૂનાં સ્ટેન્ડ ચલાવવા માટે જાણે કે કાયદેસર પરવાના આપી દીધા હોય તેવી સ્થિતિ જોવા મળી છે. હાઈવે માર્ગો ઉપર પોલીસનું સતત પેટ્રોલીંગ રહેતું હોવાના કારણે દારૂના સપ્લાયરોએ હવે ગ્રામ્ય વિસ્તારોના માર્ગોને દારૂની હેરાફેરીના કોરીડોર બનાવી દીધા છે. મોડાસા તાલુકાના સરડોઈને જોડતા માર્ગો ઉપર રાત્રે વિદેશી દારૂ ભરીને બેફામ વાહનો દોડતાં હોવાની વાતો છેલ્લા ઘણા સમયથી જોરશોરથી ચર્ચાઈ રહી છે તેમાંય સરડોઈ-મેઢાસણ, દાવલી-સરડોઈ, સરડોઈ-જીવણપુર રોડ ઉપર વિદેશી દારૂના સપ્લાયરો ચોક્કસ સમયે વાહનોમાં વિદેશી દારૂ ભરીને છેક અમદાવાદ સુધી પહોંચતો કરતા હોવાની વિગતો બહાર આવી છે. તાજેતરમાં પોલીસ દ્વારા મેઢાસણના સીમાડામાંથી બે વાહનોમાંથી ૧ લાખથી પણ વધુની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો તેના કરતાં તો ચારગણી કિંમતનો વિદેશી દારૂ આજ માર્ગે અન્ય સ્થળે પહોંચી ગયાની વિગતો ચર્ચામાં છે. છેલ્લા કેટલાય સમયથી બુટલેગરો માટે સરડોઈને જોડતા માર્ગો સ્વર્ગ સમાન સાબિત થઈ રહ્યા છતાં સ્થાનિક આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનના જવાબદારો ક્યાં અને કેવી ફરજ બજાવે છે તે જ પ્રજાને સમજાતું નથી. સરડોઈમાં રોડ ટચ આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવતાં કાયદો વ્યવસ્થાની સ્થિતિમાં સુધાર તેમજ અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર અંકુશ આવશે તેવું માનવામાં આવતું હતું પરંતુ ઉલ્ટાનું રાત્રે માર્ગો ઉપર શંકાસ્પદ વાહનોની અવર જવર તેમજ ખાનગી વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરીએ માજા મૂકી છે.

# મેત્રાલની યુવતી મોંડી રાત્રે ઘરેથી ગુમ : યુવતીના ગુમ થવાથી તર્કવિતર્ક જાગ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

ખેડબ્રહ્મા તાલુકાના મેત્રાલ ગામે ઠાકરડા પરિવારની યુવતી મોંડી રાત્રે ગુમ થતાં પરિવાર ચિંતિત બન્યો છે. ગુમ થનાર યુવતીની શોધખોળ છતાં કોઈ પત્તો મળ્યો ન હોવાના કારણે રાત્રે ગુમ થવા અંગે અનેક તર્કવિતર્ક જાગ્યા છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે જાણવા જોગ નોંધ લઈ તપાસ હાથ ધરી છે.

છેલ્લા કેટલાક દિવસોથી સગીરાઓ અને યુવતીઓના ગુમ થવાના બનાવોએ પોલીસને દોડતી રાખી છે. મોટાભાગના કિસ્સાઓમાં ગુમ થવાની ફરિયાદ નોંધાયા પછી પ્રેમ પ્રકરણનો પર્દાફાશ થતો હોય છે. કેટલાક કિસ્સાઓમાં તો અપહરણની ફરિયાદો પછી યુવક-યુવતી એકબીજાની સંમતિથી લગ્નગ્રંથીથી જોડાઈ ગયાના બનાવોમાં પોલીસ ગોથે ચઢતી હોય છે.

તાલુકાના મેત્રાલ ગામના પ્રભુદાસ જવાનભાઈ ઠાકરડા અને તેમના પરિવારના સભ્યો મોંડી રાત્રે ઘેરી નિંદ્રામાં સૂતા હતા જે સમયે ગત તા.૧૬ના રોજ તેમની યુવાન પુત્રી વૈશાલી રાત્રિના ૩-૦૦ વાગ્યા આસપાસ રહસ્યમય રીતે ગુમ થઈ હતી. ઘરમાં કોઈને પણ કહ્યા વગર રાત્રિના સમયે યુવતીના ગુમ થવાથી પરિવાર ચિંતામાં સરી પડ્યો છે.

# બનાસકાંઠામાં જૈન સમાજ વિરુદ્ધ ઝેર ઓકતા અનુપ મંડળ સામે કાર્યવાહી કરવાની માંગ

પાલનપુર,તા.૨૨

બનાસકાંઠાના ડીસામાં અહિંસા અને શાંતિપ્રિય જૈન ધર્મ વિરુદ્ધ ઝેર ઓકતા સંગઠન અનુપ મંડળ વિરુદ્ધ આજે સમસ્ત જૈન અગ્રણીઓ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી અનુપ મંડળ સામે કાર્યવાહી કરવા તેમજ આ સંગઠનની ગતિવિધિ સામે કઠોર પગલાં લેવામાં આવે તેવી માંગ કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી અનુપ મંડળ નામના સંગઠન દ્વારા જૈન સમાજના સાધુ સંતો વિરુદ્ધ લોકોમાં ઝેર ઓકવામાં આવી રહ્યું છે. જૈન સમાજ વિરુદ્ધમાં જુઠી ભ્રમણાઓ આ સંગઠન દ્વારા ફેલાવવામાં આવી રહી છે એટલું જ નહીં પરંતુ જૈન સમાજના સાધુ સંતોના કારણે જ કોરોના મહામારી પણ ફેલાઈ હોવાનું જૂઠાણું અનુપ મંડળના લોકો દ્વારા ફેલાવવામાં આવી રહ્યું છે. જેને લઈ બનાસકાંઠા જિલ્લામાં જૈન સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળે છે.

## ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક ઓપરેટર મંડળ

# પગાર સહિતની વિવિધ માગણીઓના ઉકેલ માટે પંચાયત ઓપરેટર મંડળ દ્વારા કલેકટરને આવેદન

હિંમતનગર, તા ૨૨

ગુજરાત રાજ્ય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક ઓપરેટર મંડળ દ્વારા આજરોજ સાબરકાંઠા જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપીને પગાર સહિતની વિવિધ માગણીઓના ઉકેલ માટે તેમજ ૧૫ વર્ષથી સેવા બજાવતા પંચાયત ઓપરેટરોને પોતાને વર્ગ.૩ના કર્મચારીઓ તરીકે સમાવવા સહિતની રજૂઆતો કરવામાં આવી હતી.

ઓપરેટર યુનીયને જણાવ્યું કે ઈ-ગ્રામ વીસીઈ છેલ્લા ૧૫ વર્ષથી કમિશન બેઝ પર કામગીરી કરે છે. ગુજરાત સરકાર કે ગ્રામ પંચાયત ધ્વારા કોઈ મહેનતાણુ કે ફિકસ પગાર આપવામાં આવતો નથી, ગુજરાત સરકારની તમામ યોજનાઓ તેમજ ગુજરાત સરકારના મહત્વના ડિપાર્ટમેંટ જેવા કે. પંચાયત વિભાગ, મહેસુલ વિભાગ, કૃષિ વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, અન્ન અને પુરવઠા વિભાગ, જેવા મહત્વના વિભાગોનુ કામ જવાબદારી પૂર્વક એકલો વીસીઈ કરે છે.



વીસઈને કોઈ પગાર આપવામાં આવતો નથી, વીસીઈનુ છેલ્લા ૧૫ વર્ષધી શોષણ થઈ રહ્યુ છે, નામદાર ગુજરાત રાક ને શ્રમ અરજ સાથે વિનંતી કરીએ છીએ કે ઈ-ગ્રામ સોસાયટી, પીપીપી મોડલ "૨દ" કરવામાં આવે અને સરકારી ધારાધોરણ મુજબ પગાર ધોરણ નકકી કરવામાં આવે, વીસીઈનુ શોષણ થતુ અટકાવવામાં આવે અને દરેક વીસીઈને સરકારી લાભો પ્રાપ્ત થાય એ માટે આ આવેદન પત્રમાં રજુઆત કરી છે.

# થરા જલારામ મંદિરે દર્શનનો લાભ લેતા બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ઉત્સાહી ચેરમેન શંકરભાઈ ચૌધરી થરા નગર પાલિકાના એક કાર્યક્રમમાં પધારતાં તેમણે થરા જલારામ મંદિરે દર્શન કરી આશીર્વાદ લીધા હતા. આ શુભ અવસરે કાંકરેજના કર્મઠ ધારાસભ્ય કીર્તીસિંહજી વાઘેલા, પ્રભારી નંદાજી ઠાકોર, જીલ્લા ભાજપ પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ, મહામંત્રીઓ ડાયાભાઈ પિલિયાતર, કનુભાઈ વ્યાસ, દીલીપભાઈ ઠાકોર, એ.પી.એમ. સી. ચેરમેન અણદાભાઈ પટેલ, પૂર્વ મહામંત્રીઓ અચરતભાઈ ઠકકર, ભારતસિંહ ભટેસરીયા, ભાજપ આગેવાનો સર્વ પૃથ્વીરાજસિંહજી વાઘેલા, હંસપુરી ગોસ્વામી, અમીભાઈ દેસાઈ, કનુભાઈ બી.આચાર્ય, ઈશુભા વાઘેલા, નિરંજનભાઈ ઠકકર, તરૂણભાઈ ઠકકર સહિત અનેક અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.